સ્વદેશી.

લેખક:—ડૉ. આનન્દ કે. કુમાર સ્વામી.

ગુજરાતી સ્વદેશી સભા.
કૃષ્ણ બીલ્ડીંગ,
હૉર્નબી રોડ, કોટ,
મુંબઈ.

પ્રતો ૧૦,૦૦૦]   કીમત અર્ધો આનો.   [ઑગસ્ટ ૧૯૧૯.

સ્વદેશી.

સ્વદેશી ચળવળનું હજી સંપૂર્ણ સામ્રાજ્ય સ્થ
એવો શક રહે છે. ગમે તેવી સહાનુભૂતિ ધરાવવા છત
અવલોકન કરનારને એ ચળવળમાં નિર્બળતાના અ
જણાય છે સિલોન અને હિંદુસ્તાનમાં લેખકે જે
સ્વદેશી ચળવળનું અવલોકન કર્યું છે તે સ્વરૂપના સં
આ લેખમાં ટીકા કરવામાં આવી છે.

સંક્ષેપમાં કહીએ તો આ ચળવળનો હેતુ એ છે કે
દેશથી આયાત થતા જે માલથી હિંદુસ્તાનનું ધન ઘ
જાય છે તે અટકાવવા એવો માલ આપણા દેશમાંજ બનાવ
અને જે ધન હિંદુસ્તાનની બહાર ઘસડાઇ જાય છે તે ધનનો
દેશની અંદરજ પ્રસાર થાય. આ તો ઠીક છે. તૈયાર માલ
સંબંધે આપણે થોડો વિચાર કરીશું. આપણા હિંદી દૃષ્ટિ-
બિન્દુથી આપણે એ માલના બે વિભાગો પાડીશું.

(૧) (અ) જે વસ્તુઓ ખરીદવામાં લાભ હોય છે.

(બ) જે વસ્તુઓ ખરીદવામાં લાભ હોતો નથી.

(૨) (અ) હિંદુસ્તાનનાં કુદરતી સાધનો અને સ્થિતિની સાનુ-
કુળતાને લીધે જે વસ્તુઓ અત્રેજ ઉત્પન્ન કરી
અથવા બનાવી શકાય.

(બ) અને તેવાંજ કારણોને લીધે કેટલીક વસ્તુઓ પર-
દેશોમાં વધારે સારી રીતે ઉત્પન્ન કરી અથવા
બનાવી શકાય.

આપણને જણાશે કે (૧) (અ), અને ૨ (અ) અને (૧) (બ) (૨) (બ) એ વર્ગોમાં મ્હોટા પ્રમાણમાં સામાન્ય સંબંધ છે. નકલ કરવાની આપણી કુટેવને પરિણામે યુરોપની અનેક વિલાસની વસ્તુઓનો આપણે સ્વીકાર કર્યો છે તે સર્વ નિરૂપયોગી હોવા ઉપરાંત અનેક સમયે ઉઘાડી હાનિકર્તા થઇ પડે છે. તેથી એવી વસ્તુઓ યુરોપમાં બનતી હોય તેના કરતાં પણ અત્રે બનાવવી એ વધારે ખરાબ છે. તેના કરતાં તો તેનો ત્યાગ કરવો એજ આપણે માટે વધુ ડહાપણભરેલું ગણાશે. એથી વળી આપણને ઘણો બચાવ પણ થશે. યુરોપમાં ઘણો સસ્તો અને હલકો માલ પૂર્વના દેશોને માટે ખાસ બનાવવામાં આવે છે, અને ઇંગ્લાંડનો કોઇપણ કેળવણી પામેલો અથવા રસિકવૃત્તિ-વાળો માણસ એવી વસ્તુઓ ખરીદ કરતો નથી; પરંતુ જે હિંદીઓ યુરોપીયન પદ્ધતિથી રહેવા ઇચ્છે છે તેઓ ઘણીજ આતુરતાથી એ વસ્તુઓ ખરીદ કરે છે, અને તે પણ એટલા મ્હોટા પ્રમાણમાં કે તેમના દિવાનખાનાઓ દુકાન સરખાં જણાય છે. થોડાક દિવસપર નિચેનો બનાવ મારા સાંભળવામાં આવ્યો હતો. એક હિંદી રાજાએ, પોતાના મ્હેલમાં ફર્નિચરની શી રીતે રચના કરવી તે સંબંધમાં પોતાના યુરોપીઅન મિત્રની સલાહ માગી. તેણે કહ્યું કે તમે તો મારા જુના મિત્ર છો; મ્હારા મ્હેલમાં ફરીને જેટલું યુરોપીઅન ઢબનું ફર્નિચર હોય

તે તપાસો અને તેમાંથી જેટલું નકામું અને યુરોપીઅનોને હાસ્યાસ્પદ લાગે, એવું ફર્નિચર રદ કરો. એનું પરિણામ એ આવ્યું કે લગભગ બે લાખ રૂપીઆનો કચરો કલકત્તામાં વેચાઇ ગયો.

હિન્દીઓ તરફથી ખરીદવામાં આવતા યુરોપીઅન માલમાં લગભગ નેવું ટકા જેટલો માલ નકામો અથવા વરવો અથવા નકામો અને વરવો બન્ને હોય છે. આપણા અતિ પવિત્ર મન્દીરોમાં પણ તકલેદી કાચના ગોળાઓ તેમજ ભભકદાર યુરોપીઅન રંગો જોવામાં આવે છે. આપણા ઘરોમાં તાંબા અને કાંસાનાં વાસણોને બદલે સસ્તા કાચ અને ઇનેમલના હલકાં વાસણો દાખલ થયાં છે. આમાં ગરીબ કરતાં શ્રીમંતો વધુ દોષિત હોય છે, કારણકે તેઓ એવી નકામી વરવી વસ્તુઓ વધારે ખરીદ કરી શકે છે. આ દરેક વસ્તુઓને માટે પૈસા તો ખરચવાજ પડે છે. શું એ ધનનો દુર્વ્યય નથી? એ વસ્તુઓની બનાવટનો ઉદ્યોગ હિન્દમાં દાખલ કરવામાં આપણને ખરેખર કશો લાભ થશે નહિ.

યુરોપમાં બનેલાં સોય, દોરો, ટાંકણી વગેરે નજીવી વસ્તુઓને માટે આપણે પ્રતિ વર્ષે ૧૮૭ લાખ રૂપીઆ ખરચીએ છીએ, એનો અર્થ શું? આપણા બાળકોને માટે ગરમ ઉનની ટોપીઓ અને ચામડાંની જોડીઓ; આપણા પુરૂષોને માટે હૅટ, ટાઇ અને કૉલર; આપણી કેટલીક સ્ત્રીઓને માટે કબજાઓ; આપણાં ઘરમાં વપરાશને માટે ઇંગ્લીશ પડદાઓ, ચિત્રોઓ (વિગેરે અનેક વસ્તુઓની આપણને અગત્ય જણાય છે) આ

સર્વ પારકાની નકલ કરવાનું પારણામ છે. આપણા પૂર્વના સાદા જીવન અને ઉચ્ચ વિચારોનો પુનઃ સ્વીકાર કરીએ તો પ્રતિ વર્ષે હિંદને કેટલા ધનનો બચાવ થાય? પરદેશમાં ઉત્પન્ન થઇ હોય તે કારણથી નહીં કિન્તુ સ્વાભાવિક અયોગ્યતાને માટે કોઇ વસ્તુનો ત્યાગ કરવો એ ઉચ્ચતર સ્વદેશીવ્રત છે.

આપણે અન્ય પ્રકારના માલ વિષે વિચાર કરીએ, જેવો કે ટાંક, લખવાના કાગળ, વિજ્ઞાનશાસ્ત્રને લગતાં ઉપકરણો, મ્હોટાં તેમજ ન્હાનાં ઘડિઆળો, યંત્રો તેમજ અંગબળથી બનતી વસ્તુઓ વગેરે. આ માંહેની કેટલીક વસ્તુઓ મહા મહેનતે હિંદુસ્તાનમાં બનાવવામાં આવી છે; પરંતુ અત્રેની દેશી બનાવટ છેક હલકા પ્રકારની હોય છે, અને પરિણામે ખોદયો ડુંગર અને કાઢયો ઉંદર એવું થાય છે. કેટલાક વેપારીઓને તો સ્વદેશી ચળવળ મોટા લાભરૂપ થઇ પડી છે, કારણકે માલ ખરાબ હોય પણ જો સસ્તો હોય અને ઉપર સ્વદેશીની છાપ હોય તો તેનું બહુ સારૂં વેચાણ થાય છે. પરદેશમાં બનેલી વસ્તુઓ કરતાં જો સ્વદેશી વસ્તુઓ હલકી હોય, સારી નહોય તો તેવા સ્વદેશી ઉદ્યોગથી કાંઇ લાભ નથી; પરંતુ પરદેશી કરતાં સ્વદેશી વધારે સારૂં બનાવવું શકય હોય તેમાંજ સ્વદેશી નિષ્ફળ જાય છે. ઉદાહરણ તરીકે પ્રત્યેક વર્ષે આપણા દેશમાં ૭૫ લાખના વિલાયતી રંગો આયાત કરવામાં આવે છે. સહાનુભૂતિ ધરાવનાર યુરોપીઅનોએ, આપણને વારંવાર આગ્રહ કર્યા છતાં પણ પરદેશી રંગો કરતાં આપણા સ્વદેશી રંગો વપ-

રાશમાં વધારે સારા છે એમ નિશ્ચયપૂર્વક માનનાર ભાગ્યેજ કોઇ હિંદનો વતની હશે.

કાપડના વણાટના ઉદ્યોગ સાથે સ્વદેશી ચળવળને મુખ્ય સંબંધ છે. અહીં મદ્રાસમાં શું બને છે? મેન્ચેસ્ટરની છાપવાળો હલકામાં હલકો માલ ઘણી ત્વરાથી બજારમાં ફેલાતો જાય છે અને આપણો દેશી અને સુંદર માલ પાછળ હઠતો જાય છે. ૧૯૦૩ નાં મદ્રાસના પ્રદર્શન સમયે "ઉચ્ચ પ્રકારની વણાટવાળાં ઘણાં નમુનાઓની સાથેજ, પચરંગી, ઓછો અને હલકી રંગીન છાપવાળા, અધમ પંક્તિના અને યુરોપીઅન વણાટ અને કુમાશનું અનુકરણ કરી બનાવેલા અનેક નમુનાઓ હતા. પરંતુ આ પડી ભાંગતા, પણ જેમાંથી રોજી મેળવી શકાય એમ છે એવા ઉદ્યોગને સજીવન કરવાને વ્યવહારિક ઉપાયો લેવાને બદલે લોકો શા માટે અદબવાળી જોયાં કરે છે? સામાન્ય લોકોની રસિકવૃત્તિ અત્યાર અગાઉથીજ હલકી થવા માંડી છે. કોઇપણ ન્હાના ગામનાં કે શહેરના રસ્તાપર જોઇશું તો વસ્તીનો મોટો ભાગ મેન્ચેસ્ટર અને જર્મન બનાવટનો માલ પૂર છુટથી વપરાતો માલમ પડશે. હાથની શાળવડે વણાયલું ઘોળું અને રંગના આભાસવાળું સુંદર કાપડ થોડા સમયપર હિંદુસ્તાનમાં સામાન્ય વપરાતું હતું અને ઓગણિસ સૈકાના મધ્ય સુધી પરદેશ પણ મ્હોટા પ્રમાણમાં જતું હતું; પરંતુ આજે એની જગાએ હલકો પરદેશી માલ દાખલ થયો છે."

(એચ૦ ટી૦ હેરિસ).

નવા ઉદ્યોગને દાખલ કરી પશ્ચિમ સાથે સ્પર્ધામાં ઉતર્યા પ્હેલાં જે ઉદ્યોગો અસ્તિત્વમાં હોય તેને પુનઃ સજીવન કરી ચાલુ કરવાના સ્વદેશી ચળવળમાં પ્રયત્નો થવા જોઇએ. માત્ર આપણું કાપડ પુરૂં પાડીનેજ આપણે બેસી રહેવાનું નથી; પરંતુ પરદેશમાં પણ એ કાપડ માટે માંગણી થાય એમ કરવું જોઇએ; પરંતુ આધુનિક હિંદીઓની હલકી રસિક વૃત્તિને પરિણામે છેલ્લો વિચાર સિદ્ધ થાય એ સંભવિત નથી.

પ્રતિ વર્ષે સંગીતના વાદ્યો વગેરેની ૧૩ લાખની આયાત થાય છે. આમાં પીઆના, વાયોલીન, હાર્મોનિયમ, અને ગ્રામોફોન, (અને જો વાદ્ય તરિકે ગણીએ તો, ખરૂં જોતાં એ માત્ર એક શાસ્ત્રિય યંત્ર અથવા તો બાળકનાં રમકડાં તરિકેજ ગણી શકાય) એટલાં યુરેપીયન વાદ્યો છે. આ સઘળાંમાંથી હાર્મોનિયમનો ઘણો બહોળો ફેલાવો થાય છે અને દેશી સંગીત અને વાદ્યો અદ્રશ્ય થાય છે. દક્ષિણ હિંદમાં બહુ થોડાજ સ્થળોમાં સ્વદેશી વાદ્યો બનાવવામાં આવે છે અને એ ઉદ્યોગ પણ ઘણીજ ત્વરાથી નાશ પામતો જાય છે. દરેક સ્વદેશી ઉદ્યોગ અને હુન્નરના સબંધમાં આમજ બને છે. જે આપણા આંગણામાં પડેલું હોય છે તેની આપણે સંભાળ લેતા નથી, અને જેને વિષે આપણને કશું જ્ઞાન હોતું નથી, અથવા જેનો આપણે કાંઇ ઉપયોગ કરી શકીએ એમ હોતું નથી, એવી વસ્તુઓ પરદેશથી ખરીદ કરીએ છીએ, પછી આપણે નિર્ધન રહીએ એમાં વિસ્મય પામવા જેવું કશું નથી, પણ વધારે શોકજનક તો એ

છે કે આપણી બુદ્ધિ અને રસિકતા નાશ પામતી જાય છે. હવે માત્ર વેપારી બુદ્ધિથીજ સ્વદેશી ચળવળને બળ મળે છે; પરંતુ એની નિર્બળતાનું કારણ પણ ઘણે અંશે એજ છે. આપણે સ્વદેશી માલ વાપરીએ તો માત્ર એક દુઃખકારક ફરજ છે માટે નહિ—જો કે આપણી તે વૃત્તિ ઉપર વેપાર ચલાવનારા સ્થાનિક વેપારીઓને તો તેથી લાભ થાય; પરંતુ તે માલ આપણી જરૂરીઆતોને વધારે પૂરી પાડનારો છે. આપણા પોતાપણાને વધારે વ્યકત કરનારો છે અને તે વાપરવો વિશેષ યોગ્ય છે માટે આપણે તે વાપરવો જોઇએ. **આપણા વિચારોમાં સ્વદેશી આવે, આપણા સંગીતમાં સ્વદેશી આવે, આપણી કળામાં સ્વદેશી આવે તો આપણા વેપારમાં પણ સ્વદેશી જરૂર આવશે.**

હું પારકા દેશોના વિચારોનો ત્યાગ કરવાનું કહેતો નથી; પરંતુ આપણે એ સમજવાનું છે કે જ્યાંસુધી આપણા વિચારો આપણું સંગીત અને આપણી કળાની આપણે કદર કરી શકતા નથી ત્યાં સુધી પરદેશી વિચારો પરદેશી સંગીત અને પરદેશી કળાની આપણે યોગ્ય કદર કરી શકવાના નથી. આયર્લેંડ કે ડેન્માર્ક જેવા દેશોમાં જ્યાં બહુ ઉંડી અને વિશાળ રાષ્ટ્રીય ભાવના હોય છે ત્યાંના સ્વદેશીપર મનન કરવાને માટે હિંદીઓને હું સૂચના કરૂં છું. આયર્લેંડનો સ્વદેશવાદી માત્ર સ્વરાજવાદી કે સ્વવ્યાપારવાદી નથી હોતો; પરંતુ તેની લાગણી તેને પોતાના દેશની ભાષા અને સાહિત્યને પુનઃ સજીવન કરવાને પ્રેરે છે. એની અગત્ય હવે જગતના મોટા ભાગને સમજાવા લાગી છે. આપણી ફરજ આપણા પોતાના પ્રત્યેજ છે એમ

નથી; પરંતુ જગત પ્રત્યે પણ આપણી કેટલીક ફરજો છે એ ધ્યાનમાં રાખવું જોઇએ, અને એ ફરજ આપણી બુદ્ધિશક્તિને દાબી દેવામાં નહિ કિન્તુ કેળવવામાં સમાયલી છે.

હવે આપણે સ્વદેશીના બીજા સ્વરૂપ સંબંધે વિચાર કરીએ. યુરોપના ધોરણને અનુસરીને ઉત્પન્નના સાધનોનું સ્વામિત્વ ધનિકોના હાથમાં રહે, એવી કારખાનાની પદ્ધતિઓ અહીં દાખલ કરીને શું આપણે યુરોપ સાથે હરિફાઇ કરીશું ?

યુરોપના ઇતિહાસનું સંપૂર્ણ અવલોકન સ્થળ સંકોચને લીધે અત્રે હું કરી શકતો નથી; પરંતુ એટલું તો હું કહી શકું કે એ ઇતિહાસ બહુ લાંબો અને દુઃખમય છે, અને મોટા કારખાનાંઓની તથા ચાલતું હોય તેમ ચાલવા દેવાની પદ્ધતિના ખરાબમાં ખરાબ અનિષ્ટોમાંથી હાલમાંજ ધીરે ધીરે યુરોપે મુકત થવાનો પ્રયત્ન આરંભ્યો છે. પુનરોદ્ધારનાં બીજની યુરોપમાં હસ્તિ નથી એમ નથી. પ્રજાસત્તા અને સામાન્ય સ્વામિત્વના સિદ્ધાંતોનો આખરે વિજય થશે. એક એવો સમય આવશે (નહીંતો સંસ્કૃતિની સર્વ આશાઓ નિરર્થક છે) કે જ્યારે બહુ ચિન્તા કે શ્રમ કર્યા વિના સર્વ માણસોને યોગ્ય કામ મળી શકશે. તેમજ મનુષ્યોને માટે યોગ્ય એવાં વાતાવરણમાં તેઓ જીવન ગાળી શકશે. હિંદુસ્તાનમાંની ઔદ્યોગિક પદ્ધતિઓના પરિણામે આમાંના કેટલાક આદર્શો ફળીભૂત થયલા હતા. દરેક જ્ઞાતિ અથવા ધંધાદારી કોમમાં પ્રજામત તેમજ સંઘટિતના આદર્શોવાળી સામાન્ય સ્વામિત્વના સિદ્ધાંતપર રચાયલી સંસ્થાઓ અસ્તિત્વ-

માં હતી. મોટી મુંડીથી કામ કરવાની પદ્ધતિથી જે થોડા માણસોના હાથમાં ઉત્પન્નનાં સાધનો હોય છે તેઓ ઘણાને ચુસી શકે છે અને તેનું પરિણામ યુરોપમાં એટલું ખરાબ આવ્યું છે કે, એ દિશામાં પશ્ચીમની હરિફાઇ કરવાનો પ્રયત્ન ડહાપણભર્યો છે કે કેમ તે વિષે ગંભીર પ્રશ્ન ઉઠાવવો યોગ્ય છે, ખાસ કરીને જ્યારે પશ્ચિમમાં જે પુનરુજ્જીવન તરફ વળણ છે તેના સંસર્ગમાં આપણે નથી. જો હિન્દી ઉદ્યોગો, થોડા ધનવાનોને માટે નહિ પણ હિંદની પ્રજાના લાભને માટે ચલાવવા હોય તો ભુતકાળની માફકજ ગ્રામીણ અને ગત્થુ ઉદ્યોગોજ ચલાવવા જોઇએ. તેમાં યોગ્ય સુધારાઓ કરવાની જરૂર જણાતા તેમ કરવામાં કાંઇ હરકત નથી. યંત્ર બળ કયાં વાપરવું અને કયાં નહી તેનું જ્ઞાન પશ્ચિમને હાલજ થવા માંડયું છે. યંત્ર બળથી બનાવવામાં આવતું કાપડ કદાચ આગળના કરતાં અર્ધી કિમ્મતે મળી શકે; પરંતુ તેનું ટકાઉપણું પણ જો હાથના વણેલાં કાપડ કરતાં અડધું હોય તો યંત્ર બળથી કશો લાભ નથી. ખરૂં જોતાં એ તો નુકશાનજ ગણાય, કારણકે લાંબો સમય ટકે એવી વસ્તુ તે વિશેષ સુંદર બનાવવાનું આપણને મન થાય છે, પરંતુ ન ટકે એવી વસ્તુ હોય તો એથી ઉલટુંજ બને છે. બેશક ઘણી વસ્તુઓ આપણે ભવિષ્યમાં યંત્રની મદદથી બનાવવી પડશે, પરંતુ આપણે ધારીએ છીએ તેટલા વિશાળ પ્રમાણમાં નહી. મ્હારો તો એવો અભિપ્રાય છે કે કેટલીક વસ્તુઓ (જેવી કે ટાંક) ભલે અન્ય પ્રજાઓ બનાવે; પરંતુ બુદ્ધિપૂર્વકની સહાયતા વિના આપણા પોતાના અનેક ઉદ્યોગો જ્યાં ત્યાં નાશ પામી રહ્યા છે તે સર્વને આપણા દેશના ઉપયોગ માટે તેમજ પરદેશોમાં

મોકલવાને માટે પુન: સજીવન કરવા તરફજ આપણે લક્ષ રાખવું જોઇએ. આ સર્વનો દોષ ફરીથી ધનિકો અથવા ભવિષ્યમાં ધનિક થનાર હોય તેમને શિર મુકવામાં આવે છે. કારણ કે એક તો તેઓ પરદેશી માલથી પોતાના ઘરો ભરે છે એટલુંજ નહિ પણ તેમાં મોટું પ્રમાણ તો નકામી વસ્તુઓનું હોય છે. જ્યાં સુધી પરદેશી માલ કરતાં હિન્દી માલ ચઢતો છે એવી કદર કરીને હિંદીઓ આપણા ઉદ્યોગોને ઉત્તેજન આપશે નહિ ત્યાં સુધી કદી પણ સ્વદેશી ચળવળ સંપૂર્ણ અને વ્યાપક થશે નહીં. "હિન્દી ગૃહોની શોભા વધારવાને માટે અથવા તો તેમાં જોઇતાં ઉપકરણ માટે કલકતા અને મુંબઇની–યુરોપીઅન દુકાનોમાં ધસારો કરવાની જરૂર રહે નહી" એવું હિન્દને ભાન થાય એવો દિવસ આવે (મ્હારા અભિપ્રાય પ્રમાણે એવો દિવસ આવવાને બહુ લાંબો સમય જોઇશે) ત્યારેજ સ્વદેશીનો સંપૂર્ણ વિજય થાય. પણ જ્યાં સુધી "બ્રસેલ્સની ભભકદાર શેતરંજીઓ, ટોટન હામકોર્ટ રોડ ફર્નિચર, સસ્તાં ઇટેલીઅન જડાવ, ફ્રેન્ચ ઇલીઓગ્રાફ, ઑસ્ટ્રિઅન ઝુમ્મર, જર્મન ફુલેવર અને હલકાં કિનખાબ વડે તેમના મ્હેલો ભરવાનું તેમને પ્રિય છે–– ત્યાં સુધી બહુ આશા નથી." તેથી સ્વદેશી ચળવળ અને રાષ્ટ્રીયભાવના માટે સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવવા છતાં પણ હું એવી સૂચના કરૂં છું કે, નવા પરદેશી ઉદ્યોગોની હિંદની ભૂમિપર સ્થાપના કરવી તેની સાથે જે સ્વદેશી ઉદ્યોગો મૃત્યુની અણીપર આવ્યા હોય તેને સજીવન કરીને ઉત્તેજન આપવું, જે ઉદ્યોગો ઉતરતી સ્થિતિમાંજ આવી પડયા હોય તેને શુદ્ધ સ્થિતિમાં મુકવા, નકામી સ્વદેશી અથવા તો વિદેશી વિલાસની વસ્તુઓનો ત્યાગ કરવો, એ સઘળું પણ ઘણું અગત્યનું છે. વિશાળ અને સર્વદેશી રાષ્ટ્રીયભાવનાથી સ્વદેશી ધર્મ પ્રેરિત થવો જોઇએ. જ્યાં આવી ભાવના હોય છે ત્યાં, ઔદ્યોગિક સ્વદેશી પરિણામે સહજમાં ઉદ્‌ભવશે અને વિજય પામશે.

સ્વદેશી સભા તરફથી પ્રગટ થયલી લેખમાળાઓ.

નાં૦		કીંમત.
૧	સ્વદેશી ભાવના—મ૦ ગાંધીજીનું ભાષણ ...	૦—૦—૬
૨	નામદાર ગોખલેનું ભાષણ	૦—૦—૬
૩	આપણા ઉદ્યોગો કેમ પડી ભાગ્યા—લેખક—રા. રા. ધીરજલાલ છગનલાલ મોદી	૦—૧—૦
૪	નામદાર ગોખલેનું ભાષણ (બનારસ કોંગ્રેસ)...	૦—૦—૬
૫	સ્વદેશી—લેખક ડૉ૦ આનન્દ કે. કુમાર સ્વામી	૦—૦—૬

મળવાનું ઠેકાણું :—

સ્વદેશી સભા,

કૃષ્ણ બીલ્ડીંગ, હાર્નબી રોડ,

કોટ, મુંબઇ.

મી૦ રતનલાલ આત્મારામ શાહે, ધી "હીંદુસ્થાન" પ્રેસ, નાં૦ ૧૨-૧૬ બેંક સ્ટ્રીટ, કોટ, મુંબઇમાં છાપ્યું અને મી૦ શંકરલાલ ઘેલાભાઇ બેંકરે. કૃષ્ણ બીલડીંગ, કોટ, મુંબઇમાં પ્રસિધ્ધ કર્યું છે.